# કોર્પોરેટ ક્ષેત્રના લાભ માટે સરકાર કામ કરી રહી નથી : મોદી

## લોકશાહીમાં કોઇની પણ ધમકીને ચલાવી લેવાશે નહીં

નવીદિલ્હી,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના સંબોધન પર ધન્યવાદ દરખાસ્ત પર ચર્ચાનો જવાબ આપતા વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ વિરોધ પક્ષોની ઝાટકણી કાઢતા હાલ ટિકા ટિપ્પણી કરી રહેલા લોકોનો પણ વિરોધ કર્યો હતો. મોદીએ જમીન બિલમાં સુધારાનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, આર્થિક પ્રવૃત્તિ માટે જમીન મેળવવા માટેની જરૂર ઉભી થઇ છે પરંતુ કોઈની સાથે અન્યાય થાય તે યોગ્ય રહેશે નહીં. તેમણે કહ્યું હતું કે, ગરીબો અને અન્ય તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મોદીએ વિવિધ મુદ્દા ઉપર કોંગ્રેસના લોકોની ઝાટકણી કાઢ હતી. કોર્પોરેટ સેક્ટરના હિત માટે તેમની સરકાર કામ કરી રહી છે તેવા આક્ષેપ કરી રહેલા વિરોધીઓને મોદીએ જોરદાર જવાબ આપ્યો હતો અને કોંગ્રેસ પાર્ટીને કેટલીક સલાહ આપી હતી. ગરીબીની દુર્દશામાંથી લોકો બહાર આવે તેવી સ્થિતિનું નિર્માણ કરવા, મદદ કરવા કોંગ્રેસ શાસિત રાજ્યોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેમની સરકાર કોર્પોરેટ હિત માટે કામ કરી રહી નથી. જનધન યોજના ગરીબો માટે છે અને તેમાં કરોડો બેંક ખાતા ખોલવામાં આવ્યા છે. જનધન યોજના અમીર અથવા કોર્પોરેટ સેક્ટર માટે નથી. સ્વચ્છ ભારત અભિયાન કોઈ કોર્પોરેટ જગત માટે નથી. સામાન્ય લોકોને મૂળભુત આરોગ્યની સુવિધા આપવાનો તેમનો હેતુ રહેલો છે. સ્કૂલોમાં ટોયલેટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ કોર્પોરેટ માટે ટોયલેટ બનાવવામાં આવી રહ્યું નથી. સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવી રહ્યા છે. આ કોઈ અમીર માટે નથી. વિરોધીઓની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, તેમની ધમકીઓને લોકશાહીમાં ચલાવી લેવામાં આવશે નહીં. ભારતમાં વિશાળ વર્કફોર્સ છે પરંતુ સ્કીલ વર્કફોર્સની અમને જરૂર છે. સ્કીલ ડેવલપમેન્ટ ગરીબોને મદદ કરશે. અમીરો માટે કોઈ આવાસ બની રહ્યા નથી. તેમના રાજકીય એજન્ડાની વાત કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ શાસિત



રાજ્યોએ સ્થિતિ સુધારવા મદદરુપ થવા પ્રયાસ કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે, સરકાર દેશને ચલાવતી નથી. દેશના લોકો સરકાર ચલાવે છે. એક સમય એવો હતો જ્યારે ભાજપને હિન્દી ભાષાના પટ્ટામાં મહત્વ અપાતું હતું પરંતુ આજે ભાજપ કચ્છથી લઈને ગોવા અને ગોવાથી આંધ્રપ્રદેશ સુધી સત્તામાં છે. એક સમય એવો હતો જ્યારે ભાજપને ઉચ્ચ જાતિની પાર્ટી ગણાતી હતી પરંતુ આજે તેઓ પોતે દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. આનાથી વિશેષ કોઈ બાબત હોઈ શકે નહીં. જમ્મુ કાશ્મીરમાં લોકોમાં અમારો વિશ્વાસ છે. જમીન બિલમાં તેમનો બચાવ કર્યો હતો. રાજ્યોને કેન્દ્રીય કરવેરા મહેસુલમાંથી ફાળવણી વધારી દેવામાં આવી છે. ખેડૂતોના હિતોનું રક્ષણ કરવાની જરૂર છે. વળતર અંગે ખોટી બાબતો ફેલાવવામાં ન આવે તે જરૂરી. વળતર સુધારેલા બિલમાં ઘટાડવામાં આવ્યું નથી. આર્થિક પ્રવૃત્તિઓ સાથે આગળ વધવાનો સમય આવ્યો છે. કાળા નાણાને પરત લાવવા માટે પણ અમે કટિબદ્ધ છે. જો યુપીએના શાસન દરમિયાન કાળા નાણા અંગે સીટની રચના થઈ હોત તો ગેરકાયદે લેવડદેવડ હજુ સુધી રોકાઈ શકી હોત. લોકોના રક્ષણના હેતુસર સીટની રચના થઈ ન હતી અને ડિજિટલ ઈન્ડિયા અને મોબાઈલ ગવર્નન્સને મહત્વ આપી રહ્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે, અમે જે કઈ પણ કરી રહ્યા છીએ તેનાથી લોકોને ફાયદો થશે. યુપીએના શાસન દરમિયાન માત્ર ૬.૫ ટકા લોકોને ૧૦૦ દિવસનું કામ મળ્યું હતું. વિકાસ નીતિ અને રીતીથી થઈ શકે છે. વિજળી જુદી વસ્તુ છે. રેલવે અને હાઈવે સરકાર હેઠળ છે. હજુ સુધી આદર્શ ગ્રામ યોજના હેઠળ ૬૬૦ ગામોને સ્વીકારી લેવામાં આવ્યા છે. ૩૫૦ પ્રોજેક્ટોને મંજુરી અપાઈ છે. કોઈપણ નવા પ્રોજેક્ટની દરખાસ્તને ૬૦ દિવસમાં મંજુરી અપાશે. યુપીએના લોકોએ અમારા પર આક્ષેપ કરતા પહેલા પોતાની તરફ જોવાની જરૂર છે. સમાજના દરેક વર્ગ માટે સરકાર કામ કરી રહી છે. લોકશાહીને કોઈપણ ધમકી ચાલતી નથી. દેશ કોઈપણ પ્રકારની ધમકીથી ભયભીત થશે નહીં.

## રાહુલને પ્રમુખ પદ સોંપાવાના સંકેત

નવી દિલ્હી,તા. ૩

રાહુલ ગાંધીને એપ્રિલમાં કોંગ્રેસના પ્રમુખ બનાવવા માટેની તૈયારી કરી લેવાઈ હોવાના અહેવાલ મળ્યા છે. કોંગ્રેસ દ્વારા ૨૮મી માર્ચથી લઈને ૧૫મી એપ્રિલ વચ્ચેના ગાળામાં કોઈ પણ સમય એઆઈસીસીની બેઠક બોલાવવામાં આવી શકે છે. જેમાં પાર્ટી લીડરશીપમાં ફેરફારને લીલીઝંડી મળી શકે છે. રાહુલ ગાંધીને પક્ષ પ્રમુખ બનાવવા અને એઆઈસીસીના સંમેલન પહેલા પાર્ટી સંગઠનમાં મોટા પાયે ફેરફારની તૈયારી કરી લેવામાં આવી છે.પાર્ટીના સુત્રોએ કહ્યું છે કે નિમણૂંકના મામલે મોટા ભાગે નિર્ણય રાહુલ ગાંધી રજા પર ઉતર્યા તે પહેલા જ કરી લેવામાં આવ્યા હતા. હવે માત્ર લીલીઝંડી મળી રહી છે. પક્ષમાં નવા પ્રાણ ફુંકવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી ચુક્યા છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર અને ત્યારબાદ વિવિધ રાજ્યોમાં



યોજાયેલી વિધાનસભાની ચૂટણીમાં કોંગ્રેસની હાર થઈ હતી. જેથી હવે રાહુલ ધરખમ ફેરફાર કરવા ઈચ્છુક છે. બીજીબાજુ કોંગ્રેસ પાર્ટીમાં એક પછી એક હાર બાદ ધરખમ ફેરફાર કરવાની શરૂઆત થઈ ચુકી છે. કોંગ્રેસમાં નવા પ્રાણ ફેંકવાના હેતુસર એઆઈસીસીના સેશન પહેલા ગઈકાલે પાંચ નવા પીસીસી વડાની નિમણૂંક કરાઈ હતી. સાથે-સાથે એક ક્ષેત્રીય કોંગ્રેસના પ્રમુખની નિમણૂંક પણ કરાઈ હતી. આ ફેરફારના ભાગરૂપે રાહુલ ગાંધીના ઈશારે મોટાભાગે નિર્ણય કરાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જે ફેરફાર કરાયા છે જેના ભાગરૂપે દિલ્હીમાં અજય માકનને જવાબદારી સોંપવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં અશોક ચૌહાણની નિમણૂંક કરાઈ હતી.જ્યારે જમ્મુ-કાશ્મીરમાં ગુલામ અહમદ મીરને જવાબદારી સોંપાઈ હતી. ગુજરાતમાં નવા પીસીસી પ્રમુખ તરીકે ભરતસિંહ સોલંકીની નિમણૂંક કરવામાં આવી હતી. જ્યારે તેલંગાણામાં ઉત્તમ રેડ્ડીને મોટી જવાબદારી સોંપવામાં આવી હતી.હજુ મોટા ફેરફાર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. જેને લઈને હાલ ચર્ચા છે.

## રેલ યાત્રીને રાહત : ફરિયાદ કરવા વેબ પોર્ટલ, એપ લોંચ

નવી દિલ્હી,તા. ૩

રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ રેલવે બજેટ રજૂ કરતી વેળા ત્રણ દિવસ પહેલા જાહેરાત કર્યા બાદ હવે રેલવે દ્વારા લોકોની સુવિધા માટે વેબ પોર્ટલ અને એપની શરૂઆત કરી દેવામાં આવી છે. એપ અને વેબ પોર્ટલ મારફતે રેલવે યાત્રીઓ સર્વિસનો ઉપયોગ કરતી વેળા તેમને રહેલી ફરિયાદ આના પર કરી શકશે. વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનને ઉપયોગી તરીકે ગણવામાં આવે છે. એન્ડ્રોઈડ અને વિન્ડો પ્લેટફોર્મ પર કામ કરનાર વેબસાઈટ અને એપને લોંચ કરતા રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ કહ્યું છે રેલવે યાત્રીઓ ફરિયાદ અને સાથે સાથે સુચન પણ આ પોર્ટલ પર કરી શકશે. પોર્ટલ પર નોંધવામાં આવેલી ફરિયાદોના સ્ટેટસને જાણી લીધા બાદ તેને દુર કરવાના પ્રયાસ કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે દરરોજ ૧૦૦૦૦ ટ્રેનો દેશમાં દોડે છે. જ્યારે આશરે ત્રણ કરોડ લોકો યાત્રા કરે છે. જેથી લોકોની કેટલીક તકલીફોને દુર કરવા માટે પણ પોર્ટલ ઉપયોગી સાબિત થઈ શકે છે. તેમણે કહ્યું હતું કે રેલવે દ્વારા લોકો તરફથી કરવામાં આવનાર સુચનનુ સ્વાગત કરાશે અને આના કારણે યાત્રી સુવિધાને વધારવા અને સુધારી દેવામાં વધુ મદદ મળશેફરિયાદ કરનાર લોકો માટે કેટલીક સલાહ મોબાઈલ એપ ડાઉનલોડ કરવા માટે જારી કરવામાં આવી છે. યાત્રીઓ તેમની ફરિયાદને અન્ય વેબસાઈટ પર પણ કરી શકે છે. એસએમએસથી પણ ફરિયાદ કરવામાં આવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે દેશનુ રેલવે બજેટ રજૂ કર્યુ હતુ. જેમાં શ્રેણીબદ્ધ પગલા લેવાની જાહેરાત કરવામાં આવી હતી.

## એનએસઈએલ કૌભાંડમાં ૩ બ્રોકરોની ધરપકડ થઇ

નવીદિલ્હી,તા. ૩

નેશનલ સ્પોટ એક્સચેંજ લિમિટેડને આવરી લેતા કૌભાંડમાં સંડોવણી બદલ આજે ઓછામાં આછા ત્રણ અગ્રણી બ્રોકરોની ધરપકડ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. એનએસઈએલ કૌભાંડમાં સંડોવણી બદલ જે ત્રણ અગ્રણી બ્રોકરોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે તેમાં આનંદ રાઠી કોમોડિટી લિમિટેડના અમિત રાઠી, સીટી કૃષ્ણનન (જ્યોફ કોમ ટ્રેડ) અને ઈન્ડિયા ઈન્ફોલાઈન કોમોડિટીના ચિંતન મોદીનો સમાવેશ થાય છે. એનએસઈએલ કૌભાંડના પરિણામ સ્વરુપે કંપનીનું પતન થયું હતું. આ ત્રણેય ઉપર ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૪૭૭, ૧૨૦બી હેઠળ આક્ષેપો મુકવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટરીની કલમ ચાર હેઠળ પણ આક્ષેપ મુકવામાં આવ્યો છે. તેમના ઉપર મુકવામાં આવેલા આક્ષેપોમાં છેતરપિંડી, ફોજદારી કાવતરા, દસ્તાવેજોના ફોરજરીનો સમાવેશ થાય છે. ઈકોનોમિક ઓફેન્સ વિંગ જે મુંબઈ પોલીસની છે તે હજુ સુધી આ કૌભાંડમાં બ્રોકરોની ભૂમિકામાં તપાસ કરી રહી હતી. આનંદ રાઠીમાં કારોબારી મોતીલાલ ઓસ્વાલની ઈઓડબલ્યુ દ્વારા પુછપરછ કરવામાં આવી ચુકી છે. એનએસઈએલના આંકડા મુજબ બ્રોકરોએ સિસ્ટમ સાથે ચેડા કર્યા હતા. એવા અહેવાલ પણ મળ્યા છે કે તેઓએ ક્લાઈન્ટના કોડમાં સુધારા કર્યા હતા. ક્લાઈન્ટ કોડ બદલી દેવામાં આવ્યા હતા. ઈક્વિટી અને કોમોડિટીમાં ક્લાઈન્ટ કોડમાં ફેરફાર પ્રમાણિત કેસમાં થાય છે. કોમોડિટીમાં ક્લાઈન્ટ કોડમાં ફેરફાર ટ્રાન્સફર પ્રોફિટ માટે કરવામાં આવે છે. બ્રોકરોએ ઈન્વેસ્ટમેન્ટ વ્હીકલ તરીકે એનએસઈએલ પ્રોડક્ટ વેચી મારી હતી. આ કેસના કારણે ખળભળાટ મચી ગયો હતો. ગયા વર્ષે નવેમ્બરમાં ફાયનાન્સિયલ ટેકનોલોજીના સ્થાપક જિગ્નેશ શાહે તેમના હોદ્દાથી રાજીનામુ આપ્યું હતું. એફટીઆઈએલ એનએસઈએલના લીડ પ્રમોટર ગ્રુપ તરીકે હતી જેની ૯૯.૯ ટકા હિસ્સો હતો. એનએસઈએલમાં ૫૦૦૦ કરોડના કૌભાંડમાં ભૂમિકા બદલ મે ૨૦૧૪માં શાહની ધરપકડ કરાઈ હતી પરંતુ ઓગસ્ટમાં જામીન મળ્યા હતા.

## આર્મ્સ એક્ટ કેસ : સલમાન ખાનને આખરે મળેલી રાહત

મુંબઈ,તા. ૩

બોલીવુડના સુપર સ્ટાર સલમાન ખાનને મોટી એક રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં જોધપુરની કોર્ટે આર્મ્સ એક્ટ કેસમાં ચાર સાક્ષીઓને રજૂ કરવાની તેની અરજીને સ્વીકારી લીધી હતી. સલમાન ખાને આર્મ્સ એક્ટ કેસ



૧૬ વર્ષ અગાઉના શિકાર કેસ સાથે સંબંધિત છે. જોધપુર નજીક ૧૬ વર્ષ અગાઉ કાળિયારના શિકાર સાથે સંબંધિત આ મામલો છે. સલમાન ખાન તે વખતે ૧૯૯૮માં સુરજ બડજાત્યાની ફિલ્મ હમ સાથ સાથ હેના શૂટિંગ માટે મિત્રો સાથે આ વિસ્તારમાં હતો. ૪૯ વર્ષીય સલમાન ખાન હાલમાં સુરજ બડજાત્યાની પ્રેમ રતન ધન પાયો ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. તેની અન્ય ફિલ્મ બજરંગી ભાઈજાન જેનું નિર્દેશન એક થા ટાઈગરના ફિલ્મના નિર્માતા કબીર ખાન દ્વારા કરાઈ રહ્યું છે. આનુ શૂટિંગ પૂર્ણ થવા આવ્યું છે. પોસ્ટ પ્રોડક્શન સ્ટેજ ઉપર આ ફિલ્મ પહોંચી છે. વર્ષના મધ્યમાં આ ફિલ્મ રજૂ થઈ શકે છે. સુનાવણી પહેલા ફિલ્મ સાથે સંબંધિત નિષ્ણાતોએ સલમાનના કોર્ટ કેસોને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. જાણકાર લોકોનું કહેવું છે કે, સલમાનની આ બે ફિલ્મો ઉપર જ ૧૫૦ કરોડનો દાવ છે. આ ઉપરાંત ૫૦ કરોડ અન્ય છે જેના માટે તે સાઈન કરી ચુક્યો છે. આ બે ફિલ્મો માટે એક ફિલ્મના ૭૫ કરોડ ગણવામાં આવે તો ૧૫૦ કરોડ રૂપિયા થાય છે. સલમાન ખાનને મોટી રાહત મળતા તેના ચાહકો પણ ઉત્સાહિત દેખાયા હતા.

## ચૂંટણી અંગે મુફતીના નિવેદન સાથે મોદી સરકાર સંમત નથી

નવી દિલ્હી,તા. ૩

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદના વિવાદાસ્પદ નિવેદનને સરકારની મંજુરી નથી. સરકાર તેમના મત સાથે સહમત નથી. વડાપ્રધાન પાસેથી સ્પષ્ટીકરણની માંગ કરીનો લોકસભામાં આજે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. વિપક્ષની માંગનો જવાબ આપતા ગૃહમંત્રીએ કહ્યું હતું કે, આ પ્રકારના સૂચનોનું સ્વાગત કરવામાં આવે તે યોગ્ય નથી. મુફ્તિના નિવેદન સાથે સરકાર સહમત નથી. સંસદીય બાબતોના મંત્રી વેંકૈયા નાયડુએ કહ્યું હતું કે, ગૃહમંત્રીએ જે કહ્યું છે તે યોગ્ય નિવેદન છે. તેમના નિવેદન બાદ વિરોધ પક્ષોએ હોબાળો કરવો જોઈએ નહીં. ગૃહમંત્રીએ કહ્યું હતું કે તેઓ પહેલાથી જ સ્પષ્ટતા કરી ચુક્યા છે કે, સરકાર અને ભાજપ સઈદના નિવેદનથી સહમત નથી. તેમણે ઉમેર્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીને સફળરીતે પાર પાડવાની જવાબદારી અને ક્રેડિટ ચૂંટણી પંચ, સેના, અર્ધલશ્કરી દળો અને રાજ્યના લોકોને જાય છે.

અગાઉ વડાપ્રધાન પાસે સ્પષ્ટીકરણની માંગ કરીને વિરોધ પક્ષોએ ભારે હોબાળો મચાવ્યો હતો. શપથવિધિ બાદ તરત જ મુફ્તીએ કહ્યું હતું કે, હુર્રિયત, આતંકવાદી સંગઠનો અને સરહદ પારથી લોકો પણ શાંતિપૂર્ણ ચૂંટણી માટે જવાબદાર છે. વિરોધ પક્ષોએ આજે ગૃહમાં ભારે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસના સભ્યો આક્રમક મૂડમાં દેખાયા હતા. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, વડાપ્રધાન નિવેદન કરે તે જરૂરી છે. કારણ કે લોકો સરકારનું વલણ જાણવા માંગે છે. અધ્યક્ષો કહ્યું હતું કે, ગૃહપ્રધાનનું નિવેદન પુરતુ છે. કારણ કે સરકાર તરફથી બોલવાની તેઓ સત્તા ધરાવે છે. તેમના નિવેદનથી સંતુષ્ટ નહીં થયેલા કોંગ્રેસ, તૃણમુલ કોંગ્રેસ, ડાબેરીઓ, જેડીયુ, આરજેડીના સભ્યો ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા અને હોબાળોમચાવ્યો હતો. ગૃહમંત્રી અને નાયડુના નિવેદન બાદ સ્થિતિ સુધરી હતી.

## કેજરીવાલ સારવાર લેવા માટે બેંગ્લોર જવા ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આ સપ્તાહમાં સારવાર લેવા માટે બેંગ્લોર જશે. તેમની હાઈ સુગર સપાટી ચિંતાજનક બની છે. કફને લઈને પણ તેઓ પરેશાન થયેલા છે. આવી સ્થિતિમાં તેઓ સારવાર લેવા ઈચ્છુક છે. પાંચમી માર્ચના દિવસે તેઓ બેંગ્લોર જવા રવાના થશે જ્યાં ૧૦ દિવસ સુધી સારવાર લેનાર છે. નેટુરોપેથીની તેઓ સારવાર લેનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેંગ્લોરમાં યોગથેરાપીસ્ટ પાસેથી સારવાર લેવા માટે કેજરીવાલને કહ્યું હતું. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા તેમની ગેરહાજરીમાં દિલ્હી સરકારની દરરોજની બાબતોને ધ્યાનમાં લેશે. કેજરીવાલની સુગર સપાટી છેલ્લા ૧૦ દિવસથી ૩૦૦થી ઉપર છે. તબીબોએ ઈન્સ્યુલીનનો ડોઝ ત્રણ ગણો કર્યો છે.

## મોદી ૬૦૦ મેગાવોટના બે યુનિટ દેશને સમર્પિત કરશે

ભોપાલ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચમી માર્ચના દિવસે મધ્યપ્રદેશના ખાંડવા જિલ્લામાં બે ૬૦૦ મેગાવોટ પાવર યુનિટનું ઉદ્‌ઘાટન કરશે. આ બંને પાવર યુનિટ દેશને સમર્પિત કરવામાં આવશે. મધ્યપ્રદેશ પાવર જનરેટિંગ



કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર વિજેન્દ્ર નાણાવટીએ માહિતી આપતા કહ્યું છે કે, વડાપ્રધાન પાંચમી માર્ચના દિવસે વાયા ઈન્દોર ખાંડવા પહોંચશે અને ૬૦૦ મેગાવોટના થર્મલ પાવર પ્લાન્ટ પૈકી બંને યુનિટનું ઉદ્‌ઘાટન કરશે. ૬૦૦ વેગાવોટના બે યુનિટ દેશને સમર્પિત કરવામાં આવનાર છે. મોદી આજ પાવર પ્લાન્ટમાં ૬૬૦ મેગાવોટના અન્ય બે યુનિટ માટે આધારશીલા પણ મુકશે. શ્રીસિંગાજી થર્મલ પાવર પ્લાન્ટ કોલસા આધારિત પ્રોજેક્ટ છે જે ખાંડવામાં ડોંગાલિયા ગામમાં સ્થિત છે. ખાંડવાના સાંસદ અને રાજ્ય ભાજપના પ્રમુખ નંદકુમાર સિંહ ચૌહાણે માહિતી આપી છે કે, રાજ્યની યાત્રા દરમિયાન તેઓ અન્ય કાર્યક્રમમાં પણ ભાગ લેશે.

**સ્વૈચ્છિક રીતે લાખો લોકો નિર્ણય કરી ચુક્યા છે**

## હવે લાખો લોકો એલપીજી સબ્સિડી બંધ કરી ચુક્યા

નવી દિલ્હી,તા. ૩

દેશમાં આશરે ૧.૫ લાખ લોકો સ્વૈચ્છિકરીતે હવે એલપીજી સબસિડી



લેવાનુ બંધ કરી ચુક્યા છે. આ હિલચાલેન મોદી સરકારની મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. સબસિડીરીતે ગ્રાહકોના બેંક ખાતામાં જમા કરવાના સરકારના પ્રયાસને પણ આના કારણેપ્રોત્સાહન મળ્યુંછે. મોદી સરકાર દેશના અમીર લોકોને સબસિડી ન લેવા માટે અપીલ પણ કરવામાં આવી રહી છે. બજેટમાં પણ નાણાં પ્રધાન અરૂણ જેટલીએ આ મુજબની વાત કરી હતી. જે લોકોએ એલપીજી સબસિડી લેવાનો ઈન્કાર કર્યો છે કે પૈકી એક તૃતિયાંશ એટલે કે ૪૫૧૮૪ લોકો ઉત્તર પ્રદેશના છે. ઓઈલ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા સંસદમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. નવા આંકડા દર્શાવે છે કે ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધી દિલ્હીના કુલ ૨૩૫૪૨ ગ્રાહકો ગેસ સબસિડી લેવાનો સ્વૈચ્છિકરીતે ઈન્કાર કરી ચુક્યા છે. જેથી દિલ્હી આ મામલે બીજા સ્થાને છે. ફેબ્રુઆરીમાં ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડર પર સબસિડીની રકમ ૧૮૭.૧૮ રૂપિયા હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સબસિડીની રકમ મહિને શહેરોના હિસાબથી અલગ અલગ રહે છે. એલપીજી ગેસ સબસિડીનો મામલો લોઅર અને મિડલ ક્લાસ લોકો માટે ખુબ મહત્વપૂર્ણ છે. આ કારણેથી અગાઉની અનેક સરકારોને સબસિડીસિસ્ટમમાં સુધારા કરવાના વચનથી પીછેહટ કરવાની ફરજ પડી હતી.

કેન્દ્રમાં મોદી સરાકેર વર્તમાન નાણાંકીય વર્ષથી સબસિડી બિલને જીડીપીના બે ટકાની અંદર રાખવાનો નિર્ણય કર્યો હતો અને વર્ષ ૨૦૧૬-૧૭માં આને ઘટાડીને ૧.૬ ટકા કરવાનો નિર્ણય કર્યો હતો. સરકારની ડાયરેક્ટ ટ્રાન્સફર સ્કીમનો હેતુ ૧૫ લાખ એલપીજી ગ્રાહકોને સીધો લાભ આપવાનો છે. આ વર્ષની શરૂઆતમાં આ ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર સ્કીમની શરૂઆત કરવામાં આવી હતી. આ દુનિયામાં સૌથી મોટા ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર પ્લાન તરીકે છે.

### ૫ સ્ટાર હોટલના બિલની ચૂકવણી હવે ક્રેડિટ કાર્ડથી થશે

નવી દિલ્હી, તા.૩

કેન્દ્ર સરકાર હવે મોટી રકમની ચૂકવણી માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ જરુરી કરવાનું વિચારી રહી છે. કેન્દ્ર સરકાર મોટી લેણ દેણમાં રોકડના ઉપયોગ પર અંકુશ લગાવવા માટે દેશમાં આગામી ટૂંક સમયમાં જ કાર્ડ પેમેન્ટનો ઉપયોગ ફરજીયાત બનાવવાના છે. સરકાર આગામી ટૂંક સમયમાં અમુક ચોકકસ સીમા પછી ફાઈવ સ્ટાર હોટલમાં બિલની ચૂકવણી માટે કાર્ડનો ઉપયોગ ફરજિયાત બનાવી શકે છે.

નાણા સચિવ રાજીવ મહર્ષીએ તેમના નિવેદનમાં જણાવ્યું છેકે રૂ. ૫૦૦૦થી વધારે ચૂકવણી માટે ક્રેડીટ કાર્ડ અથવા ડેબિટકાર્ડનો ઉપયોગ કરવામાં આવશે. જો કે આ વિશે હજુ અંતિમ નિર્ણય કમિટીના સૂચનો આવ્યા પછી લેવામાંઆવશે. કમિટી દ્વારા સૂચન આપવામાં આવશે કે આગામી સમયમાં લોકોને કેવી રીતે ક્રેડિટ કાર્ડ અને ડેબિટકાર્ડના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. ગ્રાહકોને કાર્ડના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા માટે અમુક ઈન્સેન્ટીવ કે ડિસ્કાઉન્ટની જાહેરાત થઈ શકે છે.

### સેંસેક્સ ૧૩૫ પોઈન્ટ ઉછળી ૨૯૫૯૪ની ઉંચી સપાટી ઉપર

મુંબઈ,તા. ૩

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે જોરદાર તેજી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૩૫ પોઈન્ટ ઉછળીને ૨૯૫૯૪ની સપાટીએ રહ્યો હતો. ૫૦ શેર નિફ્ટી ૪૦ પોઈન્ટ ઉછળીને બંધ રહ્યો હતો તેની સપાટી ૮૯૯૬ની ઉપર રહી હતી. નિફ્ટી હવે ૯૦૦૦ની સપાટી તરફ કુચ કરે તેવી શક્યતા છે. બ્રોડરમાર્કેટ બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આજે સુધારો જોવા મળ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૬૭૩ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૧૭૧ શેરમાં મંદી રહી હતી. માઈક્રો આર્થિક મોરચે વિકાસની ગતિને લઈને ચર્ચાઓ જોવા મળી રહી છે. આઠ ચાવીરુપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીમાં વાર્ષિક વિકાસદર ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો છે. જાન્યુઆરી મહિનામાં વાર્ષિક ગ્રોથ એક વર્ષની નીચી સપાટી ૧.૮ ટકા સુધી પહોંચ્યો છે. ગયા વર્ષે આજ મહિનામાં તેની સપાટી ૩.૭ નોંધાઈ હતી. ફિસ્કલ ડેફિસિટ એપ્રિલ-જાન્યુઆરીના ગાળામાં ૫.૬૮ લાખ કરોડ સુધી પહોંચ્યો છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ગઈકાલે ૪૨૪.૭૯ કરોડની કિંમતના શેર ખરીદી લીધી હતા. એશિયન શેરબજારમાં તેજી રહી હતી. વોલસ્ટ્રીટમાં રેકોર્ડ દિવસ નોંધાયો હતો. ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં બે ટકાનો ઉછાળો નોંધાયો હતો. હેલ્થકેર, આઈટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ જેવા કાઉન્ટરોમાં પણ એક ટકાનો સુધારો રહ્યો હતો. બીએસઈ રિયાલીટી, મેટલ, ઓટો ઈન્ડેક્સમાં એક ટકાનો ઘટાડો નોંધાયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં આજે ૪.૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં ઉછાળો જોવા મળ્યો હતો. કારણ કે, છેલ્લા થોડાક મહિનામાં આરઆઈએલમાં તેની હિસ્સેદારી વધારી દેવામાં આવી છે. તાતા પાવરના શેરમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ટીસીએસ, સિપ્લા, બજાજ ઓટો, ડો. રેડ્ડી લેબ અને એચડીએફસીમાં ઉછાળો જોવા મળ્યો હતો. કોલ ઈન્ડિયાના એપ્રિલ-ફેબ્રુઆરીના ગાળા માટે ઉત્પાદક ૪૩૬.૯૬ મિલિયન ટન રહ્યું છે જે ટાર્ગેટ કરતા ઓછું છે. એક્સિસ બેંક, તાતા મોટર્સ, હિન્દુસ્તાન, એનટીપીસી, આઈટીમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

## સમાચાર ઝલક

- **સૌરાષ્ટ્રમાં આદ્રી ગામે ૩ વિદ્યાર્થીઓ નદીમાં તરવા પડતાં તણાયા, ૧ નું મોત.**
- **રાધનપુરના જૈન મંદિરમાં ૩ લાખના આભૂષણો ચોરાયા.**
- **ઝીલીયામાં ગાંધી આશ્રમનો સુવર્ણ જયંતિ મહોત્સવ પ.પૂ. મોરારીબાપુના સાંનિધ્યમાં યોજાયો.**
- **ભરૂચ-જંબુસર-હાંસોર-અંકલેશ્વર વિસ્તારમાં આવકવેરાનો સપાટો.**
- **ગીર સોમનાથના પુર્વ સાંસદ શ્રી દિનુભાઈ સોલંકી પર અજાણ્યા લોકોનો હુમલો.**
- **દક્ષિણ ગુજરાતમાં કેરીનું આગમન, ભાવ આસમાને.**
- **ચૂંટણી પંચની પહેલ.૧૮ વર્ષની ઉંમર થતા જ મતદાર યાદીમાં નામ આવી જશે.**
- **હીમશીલા ધસી પડતાં ૮ ભારતીય જવાનો દટાયા. રેસ્ક્યુ ટીમ સ્થળ પર પહોંચી.**
- **ઉત્તર પ્રદેશમાં હોળી તહેવારોમાં મીઠાઈમાં અખાદ્ય રંગોનું મિશ્રણ તથા ભેળસેળ પકડાઈ.**
- **લીબિયામાં ઈબોલા તાવથી સાત મહિના સુધી શાળાઓ બંધ રહેલી તે હવે ખુલી.**
- **નેપાળમાં નવા બંધારણના અમલ સામે પ્રજામાં રોષ.**
- **સાબરમતી જેલમાં કેદીઓએ ભાગવત ગીતા સાંભળી.**